## પ્રકરણ : ૧૪

## સુન્દરમ્ - ઉમાશંકર : ગાંધીયુગની કવિતા

ગાંધીયુગના કવિઓની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં સંકુચિત રાષ્ટ્રઝનૂન જણાતું નથી, કે નથી એમાં જણાતી હિંસક આક્રમકતા. સસ્તા પ્રચારવેડામાં એ સરતી નથી. અંગ્રેજ સલ્તનત સામે એ કવિતામાં રોષ પ્રગટ થયેલો છે, પરંતુ એમાં દંશીલી કટુતા નથી. પંડિતયુગના કવિઓની જેમ ગાંધીયુગના કવિઓને "ડુમીનીઅન સ્ટેટસ"માં રસ નથી. પૂર્ણ સ્વાતંત્ર્ય એ એમનું સાધ્ય છે. સંસારસુધારાકાળના કવિઓની જેમ અંગ્રેજો સાથેનો યોગ એમને "દિવ્યયોગ" જણાયો નથી. હિન્દ-બ્રિટન શુભસંયોગમાંથી તથા અંગ્રેજોની દાનતમાંથી એમનો વિશ્વાસ ઊઠી ગયો છે. ગાંધીયુગ પૂર્વેના ઘણા કવિઓ અંગ્રેજ રાજ્યઅમલ વિશે અવઢવમાં હતા. એવી અવઢવ ગાંધીયુગના કવિઓમાંથી નીકળી ગઇ છે. એમનું સાધ્ય સ્પષ્ટ થઇ ચૂકયું હતું. આમ થવાનાં કેટલાંક કારણો હતાં. પહેલા વિશ્વયુધ્ધમાં, શ્રી. રમણલાલ દેસાઇએ એમના "જલિયાનવાલા બાગ" કાવ્યમાં :"નિહારિકા",૧૯૩૫: કહ્યું છે એમ, બ્રિટનને પક્ષે લહીને ભારતે "નિચોવિયું રકત, નિચોવિયું દ્રવ્ય, નિચોવિયા પ્રાણ પરાર્થ કાજે". પ્રથમ વિશ્વયુધ્ધમાં મિત્રદેશોનો વિજય થયો. ભારતમાં આશા જાગી કે હવે પરાધીન રાષ્ટ્રો સ્વતંત્રતાને પથે પળશે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનો ભ્રાતૃભાવ વધશે. પરંતુ એ "આશાનાં ખંડેર" રચાયાં. વિશ્વયુધ્ધ પછી પ્રજાકીય આકાંક્ષાઓ ફળીભૂત થવાને બદલે રોલેટ એકટ :કાળો કાયદો: રચાયો. એ અનુભવ પ્રજાને કેવો લાગ્યો હતો!

આશાભર્યાં ભારતવર્ષ કેરા
લલાટમાં શામલ ચાંદલો કર્યો." :"નિહારિકા",૧૭૯:

આશા રાખી હતી કોકિલટહુકારની, પણ અનુભવ વિપરીત જ થયો:

"કોકિલ ટહુકી ક્ષણ આમ્રડાળે,

ઉલૂકવાણી નભ કોડી જાગી." : "નિહારિકા", ૧૭૮:

પંજાબમાં જલિયાંવાલા બાગમાં નિ:શસ્ત્ર આબાલવૃધ્ધોની જનરલ ડાયરે ક્રૂર રીતે કતલ કરી. ડાયરનો એ ઘા, રમણલાલે દર્શાવ્યું છે એમ, ભારતવાસી-ઓના દેહ ઉપરનો જ ઘા નહોતો, બલકે મર્મભાગ ઉપરનો કટકો હતો. "Iron has entered into the soul of India." ગોખલેને માર્ગે પ્રારંભમાં ચાલીને બ્રિટિશ રાજ તરફ વફાદારી દાખવનાર ગાંધીજીનો પણ બ્રિટિશ સત્તાના વાસ્તવદર્શને એ સત્તા વિશેનો ભ્રમ ભાંગી ગયો. પ્રજાને સમજાયું કે બ્રિટિશસત્તાની નાડ પારખવામાં ગોખલે જેવા નરમ પક્ષના નેતાઓ કરતાં ટિળક જેવા ગરમ પક્ષના નેતાઓ વધુ સાચા હતા. ગાંધીયુગની કવિતાની પીઠિકામાં વિદેશી સત્તા વિશેનું ઉપર્યુકત વાસ્તવદર્શન રહેલું છે તે ભૂલવાનું નથી.

ભારતના ભૂતકાળનું ગાંધીયુગના કવિને ગૌરવ છે. પરંતુ ભૂતકાળના ગૌરવનાં નિ:સત્વ ગાણાં ગાઇ વર્તમાનને પાંગળો બનાવવામાં એને રસ નથી. મક્કમ પુરુષાર્થ કરવાનો ઉદ્ઘોષ એની કવિતામાંથી ઊઠે છે. નવયુગીય આહ્-વાનનાં દૂદુભિ એ સાંભળે છે ને દેશને બંધનમુકત કરવા અહિંસાત્મક સત્યાગ્રહનું "અમોઘ ધરી શસ્ત્ર" વિજયપંથે એ ઉમટે છે. સ્વાતંત્ર્યસિધ્ધિ એને હાથવેંત જેટલી ટૂંકડી દેખાય છે. જીવનના સર્વપુરુષાર્થના કેન્દ્રમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ આવીને ઊભી રહે છે, તે એટલે સુધી કે કવિ જેવો કવિ પણ પ્રજાદુ:ખની ઝાળમાં "લલિતભાવ કવિતાકલા"ને હોમવામાં આંચકો ખાતો નથી. એ કહેછે:

"રંગ ઢળો સૌ અંધારખોળે ને ડૂબો વિહંગમનાદ,
જંજિરને મુખથી સુણી લેશું સ્વાધીનતાનો સાદ.": "વસંતવર્ષા, ૧૧૨:

મેઘાણીનીયે કવિને સલાહ છે: "મન! છોડ નિહાળવા તારલિયા." ગાંધી-યુગના કવિઓની સ્વાતંત્ર્યઝંખના કોઇ ખુરશીનશીનોની ઝંખના નથી. સ્વતંત્ર્ય-ની લડતનો એમાંના કેટલાકને તો અપરોક્ષ અનુભવ હતો. એ અપરોક્ષ અનુભવોથી તથા કવિની વાઙ્મયસજ્જતાથી ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા પરિપુષ્ટ થયેલી છે.

<u>કૃષ્ણલાલ શ્રીધરાણી</u>: :"કોડિયાં:, ૧૯૫૭:

"મૃત્યુ કે સ્વતંત્રતા: લખી ન આ લલાટ હાર!"
+ + + :"કોડિયાં", ૧૫૬:

"મુક્તિ વિનાનું જીવવું શાનું?
મુક્તિ વિના શાં બીજાં ગાન?" :પૃ. ૧૫૦:

શ્રીધરાણીનો કવિકંઠ મુક્તિના શંખનાદના "અપૂર્વ ચેતન-સ્પન્દ"રૂપ શ્રવણે ખીલી ઊઠયો છે:

"મુક્તિ! પ્રભા-હૃદયની- પ્રભુ! પ્રાણશ્વાસ!
વાંછા સનાતન! પુનરજન્મની ઓ વિધાત્રી!
...તું એક માત્ર જગમાં મુજ આશધાત્રી!" :પૃ. ૨૫૨:

સ્વરાજ્યનો ઉદય અબઘડી થયો જ સમજો, એવા આત્મવિશ્વાસનો રણકો ૧૯30ની દાંડીકૂચની લડતના સમયે લખાયેલ કાવ્યમાંથી સાંભળવા મળે છે. "જો દિગતે ઉડુગણપતિ - ઉગતું શું સ્વરાજ!" :પૃ. ૨૭૬: દાંડી-કૂચની લડતમાં કવિની રાષ્ટ્રની પ્રાણપ્રતિષ્ઠા વળી દેખાયેલી છે. આવી લડત રાષ્ટ્રમાં ચાલતી હોય ત્યારે -

"ઘરે પડયા તે નવ કો જવાનડા!
જીવી રહયાં દીન-ગરીબ જીવડાં!" :પૃ. ૨૫૫:

કવિ પણ સમજે છે કે કવિતામાં કોમળ ચેષ્ટાઓનો હવે કાળ રહયો નથી. કવિનો યુગધર્મ તો જુદો જ એમને ભાસ્યો છે: "ન પુષ્પ ચૂંટવાં હવે: રમું હું રક્તરંગમાં." :પૃ. ૧૪૯:.

શ્રીધરાણીની વાણી ક્યારેક વધેક અને દાહક બને છે:

"તેત્રીશ કોટિની વાંઝણી માના,
જીવતાં પુત્ર થયાં અપમાન." :પૃ. ૧૫૨:

તેત્રીસ કોટિ સંતાન હોવા છતાં વાંઝણી માનું ભારતમાતાને મહેણું સાંભળવું પડે! એવાં સંતાનોથી ભારતમાતાને કોઠે દીવા થાય એમ નહોતું. અડગ, ધીર, શૂરવીર અને સંયમી સપૂતો વડે જ માતાની શૃંખલા તૂટવાની હતી:

"શૂરાઓનો સાદ પડે ને સૂતા બેઠા થાય,
દૂધમલ દીકરા દેખી માને કોઠે દીવા થાય." :પૃ. ૨૭૭ :

ભારતમાતાના આવા એક મરજીવિયા સપૂત ગાંધીજીમાં સમગ્ર રાષ્ટ્રની સંકલ્પ-શક્તિ

કવિને મૂર્ત થયેલી લાગી છે. એ "રાષ્ટ્રદેવ રાષ્ટ્રપ્રાણની પીછે" ભારતીય પ્રજા કૃતનિશ્ચયી બનીને આગળ ધસે છે:

"જંપવું નથી લગીર – જો નહિ સ્વતંત્રતા!
સ્નેહ, સૌખ્ય સૌ હરામ – ના મળે સ્વતંત્રતા!
...પુત્ર – દાર
જન્મમૃત્યુના જુહાર!" :પૃ. ૧૫૬:

કવિતા એટલે ભાષાની શક્તિનો નવનવીન આવિષ્કાર, એવી કવિતા વિશેની એક સમજણનો જો આપણે સ્વીકાર કરીએ તો એમ કહેવું જોઇએ કે શ્રીધરાણીની કવિતામાં ગુજરાતી ભાષાની નિહિત શક્તિનો સંતર્પક આવિષ્કાર થયેલો છે. એ દ્રષ્ટિએ તો શ્રીધરાણીનું ઉપર્યુક્ત કાવ્ય ધ્યાન ખેંચશે જ, પરંતુ એ સાથે, પ્રસ્તુત કાવ્યમાં રહેલો પરાક્રમભાવ પણ તરત નજરે ચઢે એવો છે. એવો પરાક્રમભાવ ગાંધીયુગની સમગ્ર કવિતામાં જોવા મળે છે. સ્વ.ગોવિન્દ સ્વામીના કાવ્યસંગ્રહ "પ્રતિપદા"નું વિવેચન કરતી વેળાએ સુન્દરમે ઉચિત રીતેજ કહ્યું છે કે પ્રજા તરીકેનો આપણો આત્મવિશ્વાસ વધેલો છે, આપણી શક્તિમાં આપણને શ્રધ્ધા બેઠેલી છે એની એ નિશાની છે. કવિતામાં દેખાતો આવો પૌરૂષભાવ આપણી વિશેષ જ્વલંત બનેલી પ્રજાસ્મિતાનું ચિહ્ન છે. શ્રીધરાણીમાં દેખાતું દેશદાઝનું ઉગ્રસ્વરૂપ, કવિએ પોતે જ સ્વીકાર્યું છે એમ, "ગાંધીજીના સાન્નિધ્યમાં વિદ્યાપીઠના કાળમાં પાક્યું હતું." :પૃ. ૨૯૮:

શ્રી ઉમાશંકરે શ્રીધરાણીની કવિતા વિશે નોંધ્યું છે: "સ્વાતંત્ર્ય સંગ્રામ અંગેની શ્રીધરાણીની કૃતિઓ પ્રચારવેડામાં લપસી પડતી નથી, બલકે ક્યારેક વાણીમાં ભાવનાનું ઓજસ પ્રગટ થાય છે.":પૃ.૧૩: ૧૯૩૦ની રાષ્ટ્રીય લડતને કારણે શ્રીધરાણીનો કવિકંઠ ખીલ્યો હતો. "કોડિયાં":૧૯૩૪: ની પ્રથમાવૃત્તિ સમયના શ્રીધરાણીમાં મુગ્ધ ભાવનાશીલતા દેખાય છે, જ્યારે "કોડિયાં"ની દ્વિતીય આવૃત્તિ :૧૯૫૭: ના સમયના શ્રીધરાણીમાં કટાક્ષ-મય વક્રદર્શિતા જણાય છે. એનું એક ઉદાહરણ તે "આઠમું દિલ્હી":

"સર્વવ્યાપ્ત સરકાર બિરાજે, કવિને કરતી ભાટ,
...ભવિષ્યની કોદાળી જ્યારે નમશે

...જડશે ચંદક એક અનેક,
નહિ જડશે શુધ્ધ વિવેક!" :પૃ. ૧૬:

૧૯૪૭ પૂર્વે સ્વાતંત્ર્ય માટે વિરલ એવું ઉલ્લાસભર ગાન કરનાર કવિને અનુસ્વાતંત્ર્યસરકારના વ્યવહારમાં "શુધ્ધ વિવેક"નાં દર્શન ન થયાં, એને કાળનું તથા કવિમાનસનું જ પરિવર્તન ગણીશું ને?

સુન્દરમ્

ગાંધીયુગના એક પ્રમુખ કવિ સુન્દરમ્ની કવિતામાં રાષ્ટ્ર પ્રત્યેની લાગણીનો ઉદ્રેક છે. પરંતુ એ ઉદ્રેકને કલાવિવેકપૂર્વક કવિએ સંયમિત કર્યો છે. દેશપ્રીતિની લાગણીની અભિવ્યકિતમાં દાખવવામાં આવેલા કલાસંયમને કારણે એ લાગણી અળપાઇ જતી નથી, પણ વધુ મર્મસ્પર્શી બને છે એ એની વિશેષતા ગણી શકાય. જીવન પ્રત્યેના કવિના ગંભીર દષ્ટિકોણની મુદ્રા કવિનાં રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો ઉપર પણ ઊઠી છે. સુન્દરમ્નાં દેશપ્રેમ અને યુધ્ધોત્સાહનાં કાવ્યો ઉપર – ગાંધીયુગના લગભગ બધા મુખ્ય કવિઓનાં એ પ્રકારનાં કાવ્યો ઉપર– ગાંધીજીએ પ્રબોધેલ વિશ્વવાત્સલ્ય તથા ટાગોરે પ્રબોધેલ વિશ્વમાનવતાવાદની અસર જણાય છે. પરિણામે એ કાવ્યો, ઠાકોરે જેની સામે ચેતવણી ઉચ્ચારી છે એવાં વ્દેષોત્થ, વ્દેષ નીગળતાં, વ્દેષ ફેલાવવાની ઉમેદવાળાં નથી બન્યાં. સુન્દરમ્ની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં કવિહૃદયની વિશાળતા અને આભિજાત્યનો અનુભવ થાય છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે દેશે માંડેલા પુરુષાર્થયજ્ઞનું ટાણું કવિને મહાકાવ્યમાં મૂર્ત કરવા જેવું લાગ્યું છે. સુન્દરમ્ના "સાફલ્યટાણું" કાવ્યમાં ગાંધીયુગની પ્રજાકીય મહેચ્છાઓની છબી આલેખાઇ છે. પ્રજાની ગતિપ્રવૃત્તિનું સંક્ષિપ્ત, સુરેખ અને જીવંત ચિત્ર પ્રવાહબધ્ધ વાણીમાં પ્રસ્તુત કાવ્યમાં ઉપસાવાયું છે. દેશને ગુલામીનાં બંધનોમાંથી મુકત કરવાનો મોંઘેરો લ્હાવ દેશજીવનના ઇતિહાસમાં વિરલ અવસરે જ પ્રાપ્ત થતો હોય છે: "રે, આ સાફલ્યટાણું યુગ યુગ પલટે તોય પાછું ન આવે." સુન્દરમ્નાં "સાફલ્યટાણું" જેવાં કાવ્યોમાં કોઇ આક્રોશ નથી, છતાં રાષ્ટ્રપ્રીતિની કવિની લાગણીની પટુતા સુપેરે અનુભવી શકાય છે.

દેશપ્રીતિનાં કાવ્યો જેમ સંસારસુધારાકાળમાં તેમ ગાંધીયુગમાં પણ લખાયાં છે. પણ સંસારસુધારાકાળના લેખકો એમના જમાનાના વિશિષ્ટ ધર્મને કારણે તથા કાવ્યલેખનના આરંભિક તબક્કાને સહજ એવી મર્યાદાઓને કારણે સીધાસાદા ઉપદેશકો કે પ્રચારકો જેવા એકંદરે લાગે છે. જ્યારે ગાંધીયુગના કવિઓ ભાષા, છંદ, ઇ.ઉપરની હથોટી, કાવ્યાકાવ્યની સૂઝ તથા લોકોની કાવ્યરૂચિમાં પ્રમાણમાં આવેલી સંમાર્જનાને લીધે કાવ્યલેખનની વિશેષ વિકસિત અવસ્થામાં વિચરતા જણાય છે. પહેલાં, કાવ્યના અંતસ્તત્ત્વ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત થતું હતું, હવે અંતસ્તત્ત્વ ઉપરાંત પરિમાર્જિત અભિવ્યકિત ઉપર પણ કવિનું મન ખૂપતું દેખાય છે. શ્રી.ઉમાશંકરે કહ્યું છે એમ, "સમકાલીન ઇતિહાસનાં પરિબળોને શબ્દમાં વાળવાની ગૂંજાશ જેટલે અંશે કવિએ મેળવી હોય છે..તેટલે અંશે...સમકાલીન પરિબળોનો લાભ એ લઇ શકે છે." [૧] ગાંધીયુગના અગ્રીમ હરોળના કવિઓમાં એવી ગૂંજાશ વધેલી જણાય છે. પરિણામે, ગાંધીયુગનાં કેટલાંક દેશપ્રીતિનાં કાવ્યો માત્ર વિષયની દ્રષ્ટિએ નહિ, પરંતુ સમગ્ર કાવ્યપુદ્ગલની દ્રષ્ટિએ ધ્યાનપાત્ર બન્યાં છે. "સાફલ્યટાણું", "જિંદગીના નવાણે", "રણગીત", "જવાન દિલ","લઢે" ઇ. સુન્દરમનાં કાવ્યોને એનાં ઉદાહરણોરૂપે આગળ મૂકી શકાય એમ છે.

ગાંધીયુગની કવિતામાં પ્રજાના શૌર્યત્વને પ્રેરતાં કેટલાંક રણગીતો લખાયાં છે. સુન્દરમે લખેલા એક "રણગીત"માં ભારતના સ્વાતંત્ર્યયુધ્ધનું વિશિષ્ટત્વ બતાવાયું છે. "ઝેર દિલોનાં, વેર દેશોનાં" સામે લડાતું એ યુધ્ધ હતું. સ્વાતંત્ર્યપ્રાપ્તિના મહાન ધ્યેયને હાંસલ કરવાના માર્ગો વા સાધનો પણ ચોખ્ખાં હોવાં જોઇએ એવા ગાંધીજીના આદર્શનો પડઘો સુન્દરમનાં કેટલાંક કાવ્યોમાં પડે છે:

"લઢે યોધ્ધા શાથી? નહિ જખમશેરો ચમકતી,
ન ઘેરી ભેરીઓ રણઝણ કરી જોશ જગવે,
...લઢે પ્રેર્યાં પ્રેમે મનુજકુલકેરા હૃદયથી,
...સ્વયં એ હોમાતા જગહૃદયની શાંતિ જપતાં." :"વસુધા" ૧૯૪૯, પૃ.૭૩:

"મુક્તિ કાજે, અમર સાજે, કોણ રે મરશે, ભાઇ?"એવો પ્રશ્ન કવિએ "રણગીત"માં પૂછયો છે:

"કોણ રે મરશે, ભાઇ? હો કે, કોણ રે મરશે, ભાઇ?
કેસરરંગે, કાળભુજંગે, જીવન ઘોળી ખેલતો હોળી
અંગે ઓ ભાઇ." !' "કાવ્યમંગલા", ૧૯૫૩
પૃ. ૨૯:

"રણગીત"-માં બળવતી ભાષામાં કાળભુજંગની થપાટો ઝીલવાનું ઉદ્બોધન થયેલું છે. પહેલાંનો ક્વચિત્ રોતલ લાગતો રાષ્ટ્રપ્રેમ ગાંધીયુગનાં રણગીતો-માં દેખાતો નથી. ગાંધીયુગમાં મર્દાનગીનાં જગગાણાં સંભળાય છે. પહેલાંના કવિને પ્રજાની રાષ્ટ્રીય અસ્મિતાને ઢંઢોળવાની હતી. એને ચેતનવંત કર્યા પછી સ્થિરમૂલ કરવાની હતી. પરંતુ ગાંધીયુગમાં તો રાષ્ટ્રીય અસ્મિતા એક સ્થિર થઇ ગયેલું તત્ત્વ હતી. એનો આનુષંગિક લાભ કવિતાને મળ્યો છે. અહીં એ પણ જોઇ શકાશે કે શક્તિશાળી કવિને હાથે દેશપ્રીતિની કવિતામાં, ભલે એનો ઉદ્ભવ પ્રાસંગિકતાને કારણે થયો હોય, ચિરંતનતાનાં તત્ત્વો પ્રવેશી શકે એમ છે. ન્હાનાલાલ કે મેઘાણીનાં ઘણાં કાવ્યો, પ્રાસંગિકતાને અતિક્રમી જઇને, વીરરસની નિષ્પત્તિને કારણે હંમેશને માટે આસ્વાદ્ય બન્યાં છે. ન્હાનાલાલનું "પાર્થને કહો ચ્હડાવે બાણ" હોય, મેઘાણીનું "મોતનાં કંકુઘોળણ"+ હોય કે સુન્દરમ્નું "જવાન દિલ" હોય, કાવ્યત્વની દૃષ્ટિએ તે બધાં પ્રજાના સાહિત્યની ચિરકાલીન સમૃધ્ધિ બની શકયાં છે.

"જિન્દગીના નવાણે" માં કવિએ ભારતના ભૂતકાળનું સુખદ ચિત્ર દોર્યું છે. પરંતુ ભૂતકાળમાં માણેલાં "ગીતો નૃત્યો મધુર મદિરા, ને પલંગો સુંવાળા" ભોગવવાનું ટાણું કવિને સાંપ્રતકાળમાં દેખાતું નથી, કેમકે, "કારાગારે અમ તન પડયાં શૃંખલાના પથારે". કવિને થાય છે, દેશ આખો જ્યારે કારાગારમાં જકડાયેલો હોય ત્યારે સમષ્ટિદ્રોહ કરી જીવનની રમણીય કોમળ ભોગસામગ્રીને કઇ રીતે માણી શકાય? જિન્દગીના નવાણે જ્યારે નવી ભાવનાઓનો મેહ

---

+ "લાગિયા હોહોકાર રણઝલકાર ઘરઘર બારણે,
કંકૂ લગાવત પ્રિયા, બહેની લળે વીરને ઓવારણે."

વરસે છે ત્યારે "રૌદ્રા લીલા" ખેલી લેવાને કવિ તત્પર થાય છે. એ જ રીતે, "તુરંગમહીં બધ્ધ" કવિ કહી દે છે:

"નથી નિરખવો શશી, શરદનો ભલેને હજો!"

સુન્દરમ્નો વાસ્તવપ્રેમ એટલો ઉત્કટ છે કે -

"નથી હવે આભ વિષે જ ઊડવું,

ન શૂન્યના સાગરમાંહિ બૂડવું!" :"કાવ્યમંગલા", ૮૩:

-એવો નિશ્ચય એ કરે છે. આપણા કવિને "વાસ્તવપ્રિયતાની પ્રેરણા પ્રથમ મળી દેશના રાજકીય ઉત્થાનમાંથી", એવો શ્રી ઉમાશંકરનો મત સાચો છે.[2] એ જ રાજકીય ઉત્થાન જીવનમાં જે કાંઇ જીર્ણશીર્ણ છે તે સર્વનું ઘણના ઘા થકી ખંડન કરવાના કવિના મનોભાવ પાછળ એક પ્રેરકબળ તરીકે કામ કરી રહ્યું લાગે છે. ઘણના ઘા થકી સર્જાયેલા ભંગારઢગમાંથી કવિ કરવા તો માગે છે નવસર્જન. યુગોથી દેશ તથા દુનિયા ઉપર જામેલા જડત્વના થરને દૂર કરવા માટે સારુંનરસું બધું ઘડી બે ઘડી ખેદાનમેદાન કરી નાખતી ક્રાંતિ છો આવતી, "જગત જાવ ડૂલી ભલે". મેઘાણી એ જ રીતે કહે છે:

"થોડીઘડીવાર ભલે બુઝાતા દીવડા,

ચોર-ધાડપાડ ભલે લૂંટો!" :"યુગવંદના", ૫૧:

પરંતુ અનવસ્થા આખરે તો સુવ્યવસ્થા લાવવા માટે છે, જીવનને અવલનવલ ઘાટ અર્પવા અર્થે છે, માટે તો કવિ ક્રાન્તિ દ્વારા સર્જાતી અનવસ્થાને આમંત્રે છે. જીર્ણતાનો નાશ કરવાની, સમાજજીવનની સુષુપ્ત કાર્યશક્તિને બહિર્ગત બનાવવાની તથા જીવનમાં શક્તિતત્ત્વને આરાધવાની કવિની દુર્દમ્ય તમન્ના પાછળ પ્રેરકબળ તરીકે કામ તો કરી રહ્યું છે આઝાદીની લડત દરમિયાન ભારતમાં થઇ રહેલું સકલવિધ નવોત્થાન.

દેશ તરફ ઊંડી પ્રીતિ અનુભવવી અને છતાં એના કાવ્યનિરૂપણમા સમતોલન જાળવવું, શોષિતો તરફ તીવ્ર સહાનુભૂતિ અનુભવવી અને શોષકો તરફ રોષ, છતાં એ ભાવના આલેખનમાં દંશવિહીન તટસ્થતા જાળવવી એ દુષ્કર કાર્ય છે. દેશપ્રીતિનાં અને દલિતપ્રીતિનાં સુન્દરમ્નાં કાવ્યોમાં દેશ તથા દલિતવર્ગ પ્રત્યેના સમભાવની ઉષ્મા જળવાઇ રહે એવું સમ્યક્ કાવ્યચિત્રણ કરીને સુન્દરમે એ દુષ્કર કાર્ય સિધ્ધ કર્યું છે.

ઉમાશંકર જોશી:

ગાંધીયુગના એક મુખ્ય કવિ ઉમાશંકરે પોતાની કવિકારકિર્દીની શરૂઆત "વિશ્વશાંતિ" :પ્ર.આ.૧૯૩૧: જેવા એક મહત્ત્વાકાંક્ષી કાવ્યથી કરી હતી. વિશ્વશાંતિનો વિષય જ કવિત્વશક્તિની કસોટી કરે એવો ગણાય. "વિશ્વશાંતિ" એના કવિના દૃષ્ટિફલકની વિશાળતા સૂચવે છે. ઉમાશંકરની નજર સમક્ષ માત્ર ભારતવર્ષની પ્રજા નહિ, પરંતુ સમસ્ત જગતની માનવજાતિ રહેલી છે. એક રીતે તો સમગ્ર ગાંધીયુગની રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતી કવિતા વિશેનું સૂચક ઈંગિત "વિશ્વશાંતિ"માંથી મળી રહે છે. ગાંધી-યુગના કવિની નજર સમક્ષ રાષ્ટ્ર રહ્યું છે, પણ એથી એણે વિશ્વને વિસારે નથી પાડ્યું.

કાકાસાહેબ કાલેલકરે "વિશ્વશાંતિ"માં લખેલા "આમંત્રણ"માં કહ્યું છે: "રાષ્ટ્રનો ઉત્થાનકાળ જ્યારે નજીક આવે છે, ત્યારે જીવનવીરો પણ જાગે છે અને સાહિત્યવીરો પણ ખીલે છે." ગાંધીજી જેવા જીવનવીરના કાર્યમાંથી પ્રેરણાપાન કરીને "વિશ્વશાંતિ" લખાયું છે.

માનવજાતિના વિકાસક્રમમાં "નખદંતનાશ"ના તબક્કાઓ આવી ગયા છે. બુદ્ધ, ઇશુ, મહાવીર, ઇ. ઋષિમુનિઓએ "તું પાપ સાથે નવ પાપી મારતો" એવો મંત્ર તો માનવજાતિને વિકાસક્રમના જુદા જુદા તબક્કે આપ્યો છે. પરંતુ નિદ્રાજડ લોકો એ મંત્રને વિસરી ગયા. કવિને શ્રધ્ધા છે કે વર્તમાન યુગમાં જાગેલા પયગંબર ગાંધીએ સજીવન કરેલો એ પુરાણો મંત્ર યુધ્ધથાક્યા જગતને વિસામો આપશે.

ઉમાશંકરે ફ્રાંસ તથા રશિયામાં સ્વાતંત્ર્ય અર્થે થયેલી હિંસક ક્રાંતિઓનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવામાં એ માર્ગે ન જવામાં કવિને ભારતની વિશેષતા લાગી છે:

"અમે તો ગૂંથીશું હ્રદય હ્રદયે, એક થઇશું,
...અમારા સ્વાતંત્ર્યે પ્રગટ જગબંધુત્વ-સમતા!" :"વિશ્વશાંતિ", ૧૯૪૮, પૃ. ૧૬:

જગબંધુત્વના એક ભાગ સમું ભારતનું સ્વાતંત્ર્ય બની રહેશે એવી કવિપ્રતીતિ

ભારતની સ્વતંત્રતાની લડત કેવા સ્વસ્થ તંદુરસ્ત માર્ગે લડાતી હતી એની પરિચાયક બની રહે છે.

સમગ્ર ભારતવર્ષને અંગ્રેજોએ એક વિશાળ કારાગૃહ સમું બનાવ્યું હતું:

"કર્યું જ પરદેશીએ વતન કેદખાના સમું!
પડી ઘૂંટણ આપણે કરગર્યાં, ન મોટી મળી!
પરંતુ પથરા પડયા કમનસીબ ભાણા મહીં!" :પૃ. ૨૫:

આવા કટુ અનુભવ પછી ભારતીય પ્રજાને સમજાઇ ચૂકયું કે સ્વાધીનતાસિધ્ધિ અર્થે આજીજીઓ કરવાનો કોઇ અર્થ નથી. સ્વાધીનતાને સિધ્ધ કરવા માટે દૃઢ પ્રજાકીય નિર્ધાર તથા એ નિર્ધારને મક્કમ પુરૂષાર્થ વ્દારા સાકાર કરવાની શક્તિ ખીલવ્યા સિવાય બીજો કોઇ આરોવારો નથી તેની પ્રજાને અનુભવે પ્રતીતિ થઇ. એમાંથી આવું કૃતનિશ્ચયીપણું જન્મ્યું:

"અહો! મરણસાટ મુક્તિ વરશું!!" વદીને પ્રજા
ઊઠી, અતિશ નંદતી, સમરશબ્દથી નાચતી,
અજોડ લડવા લડાઇ ગિરિશૃંગે ઉછાળતી." :પૃ. ૨૬:

આ "અજોડ લડાઇ" ને કારણે "વિમલ..પ્રાણરેલંત ક્રાન્તિ" સર્જાઇ. ભારતના આબાલવૃધ્ધોને સ્પર્શતી "ગામે ગામે, ઘર ઘર વહી શૌર્યઘેરી ખુમારી." આવે સમયે કવિને ગુજરાત યાદ આવે તે સ્વાભાવિક છે:

"ઘૂમ્યા ઘેલા રસબસઉરે ગુર્જરીના સપૂતો,
ને ગર્જાવ્યું જગતભરમાં ગૌરવે બારડોલી." :પૃ. ૩૦:

ભારતની પ્રજાની સંગ્રામકથા ગાતાં ગાતાં કવિની નજર સામ્રાજ્યોનાં મહાયંત્રે પીલાતી સમસ્ત મનુષ્ય જાતિ ઉપર પણ પડે છે. જગતને આવી યંત્રણામાંથી મુકત કરવા માટે કવિને વિશ્વકુટુંબભાવને કેળવવાની જરૂર લાગે છે. "મનુષ્યહૃદયનું ઐકય એ જ વિશ્વકુટુંબવાદ છે. અહિંસા વગર એ સંભવે નહીં," એમ કાકાસાહેબે કહયું છે. :પૃ. ૬: કવિ પણ ઉચ્ચારે છે: "માનવી-પ્રકૃતિ, સૌને વસુધૈવ કુટુમ્બકમ્!" :પૃ. ૩૬: અહીં કવિની અસ્મિતા માત્ર રાષ્ટ્રીય ન રહેતાં સાચા અર્થમાં આંતરરાષ્ટ્રીય બની રહે છે. ગાંધીયુગની કવિતામાં રાષ્ટ્રીયભાવ તથા આંતરરાષ્ટ્રીય ભાવ એક જ સિક્કાની બે

બાજુઓની જેમ વિલસતા દેખાય છે.

ઉમાશંકરનાં અન્ય કાવ્યોમાં પણ આંતરરાષ્ટ્રીય ચેતનાનું સ્ફુરણ જોવા મળે છે:

"પ્રજા પ્રજાના ઉર-સ્પંદ-તાને
ગૂંથી રહ્યું ઊર્મિલ ઐક્યપ્રેરણા." :"ગંગોત્રી"૧૯૫૬, પૃ. ૨૬:

"વિશ્વતોમુખી" કાવ્યની વ્યક્તિ આખા રાષ્ટ્રની વિરાટ ચેતનારૂપ બની રહેવા તો ઇચ્છે છે જ, પરંતુ એથી વિશેષ, "જગતની બીજી બધી પ્રજાઓના હૃદયધબકારાના તાનમાં...ઊર્મિભરી ઐક્યપ્રેરણાને" ગૂંજી રહેવાના એના મનોરથ છે. "વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી", એવી કવિચાહના છે. આવી અભીપ્સા વ્યક્ત કરતી વેળાએ પણ કવિ ધરતીપ્રેમને સમૂળગો વિસરવા ચાહતા નથી: "માથે ધરું ધૂળ વસુંધરાની" :"ગંગોત્રી", પૃ. ૫૧:

ભારતની સ્વતંત્રતાના ભાનુને વધાવવા માટે તથા વિશ્વમાંગલ્ય ગાવા અર્થે ઉમાશંકર વાલ્મીકિ અને વ્યાસ જેવા યુગદ્રષ્ટા કવિઓને અવતરવા માટે આવાહન કરે છે. માત્ર એક દેશનું નહિ, પણ દેશદેશનું કલ્યાણ વાંછતા તથા ચિરંતન માનવભાવોને મુખરિત કરતા કવિ માટે ઉમાશંકરે ઝંખના સેવી છે:

"રાષ્ટ્રોનું ઐક્ય ગાતો, પ્રતિજનઉર માનવ્યનો દિવ્ય દ્રષ્ટા,
ને ભેદોમાં અભેદે નિશદિન રમતો શાંતિનો સ્વપ્નસ્રષ્ટા.":"ગંગોત્રી" પૃ. ૫૮:

ઉમાશંકરના રાષ્ટ્રવાદ વિશે વિચાર કરતી વેળાએ ગાંધીજીનું એક વિધાન યાદ આવે છે. **My nationalism is internationalism in practice.**

સ્વાતંત્ર્યપ્રાપ્તિ કરવી એ માનવહૃદયની એક મૂળભૂત આકાંક્ષા છે. એ આકાંક્ષા જ્યારે સંતોષાતી નથી ત્યારે કવિને પ્રશ્ન થાય છે:

"સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ?" :"ગંગોત્રી" પૃ. ૩:

સ્વતંત્રતા એ માનવજાતિનો પ્રાણ છે. એવી સ્વતંત્રતાને પ્રાપ્તકરવા માટે "...અડગ બંકડા ઉછળતા રહે ખેલને." ગાંધીયુગના ભારતનો જાણે મુદ્રામંત્ર

પ્રગટ કરતી પંક્તિ ઉમાશંકરે લખી છે:

"મુખે સમરગાન હો! પ્રિય સ્વતંત્રતા પ્રાણ હો!" :"ગંગોત્રી" પૃ. ૫:
સ્વતંત્રતા વિશેની આવી દીપ્તિમંત ઘોષણા પ્રેરક નીવડે ખરી. પરંતુ સ્વતંત્રતા આખરે તો ભારે આપભોગો વિના પ્રાપ્ત થતી નથી. સ્વતંત્રતાના પ્રસન્નમુખ આદિપૂજારીઓ તો "જનનીખોળામાં રાજતા" શહીદો જ ગણાય. એવા એક શહીદની પત્નીને આશ્વાસન આપતા ગાંધીજીની મૂર્તિ કવિએ આવી રીતે આલેખી છે:

"...બાઇ! તુજ સમ કંઇ હિન્દરમણી
થશે સ્વામીહીણી, જનનીભૂમિ ત્યારે જ છૂટશે." :"ગંગોત્રી"
પૃષ્ઠ. ૧૨૪:

"એક સૂસાયેલા ગોટલાને" જોતાં કવિ ચિંતને ચડીને તુચ્છ ગણાતા પદાર્થ દ્વારા એક ગંભીર રહસ્યને પામે છે:

"ઝૂલે મહાવૃક્ષ સ્વતંત્રતાનું
ને ના રહે નામનિશાન મારૂં." :"ગંગોત્રી", પૃ. ૪૫:

ઉમાશંકરના "બળતાં પાણી"માં આપણા વિવેચકોએ અન્યોક્તિ નિહાળી છે. આઝાદીના સંગ્રામમાં યુવક ઝંપલાવે છે. દેશ પ્રત્યેના ધર્મને કારણે ઘરબારની સંભાળ, માતાપિતાની સેવા એવાં બધાં કર્મોને યુવક વિસરી જાય છે. આવા દેશસપૂતોના આત્મભોગો દ્વારા દેશ આઝાદ થાય, આબાદ પણ થાય. સમષ્ટિની એ આબાદીમાં પેલાં વડીલોનું સુખ પણ ત્યારે સમાઇ જશે. પણ એ તે ક્યારે?

"અરે! એ તે ક્યારે? ભસમ સહુ થૈ જાય પછીથી?" :"ગંગોત્રી", ૧૧૫:
આઝાદીની લડતનું એક જુદું જ પાસું કવિએ ઉપર્યુક્ત કાવ્યમાં ઉત્તમ કલાસૂઝપૂર્વક આલેખ્યું હોય એમ જણાય છે. દેશની સ્વતંત્રતા અર્થે અપાતાં ભવ્ય અને ઉદાત્ત બલિદાનોનું ઉમાશંકરે એમનાં કાવ્યોમાં ગૌરવ કર્યું છે.[3]

ઉમાશંકરની રાષ્ટ્રીય અસ્મિતા વિવિધરૂપે, ક્યારેક શૌર્યોદ્બોધનરૂપે તો ક્યારેક દલિતપ્રીતિરૂપે પ્રગટ થયેલી છે. શૌર્યોદ્બોધનનાં ઉદાહરણરૂપ કેટલાંક કાવ્યો છે- "મોખરે" :"ગંગોત્રી":; "અય જુવાનો જંગ શા શા ખેલવા છે?" :"આતિથ્ય":, વગેરે. (:દીનજનવાત્સલ્યનાં કાવ્યોની અલગ પ્રકરણમાં ચર્ચા કરેલી છે:). "નિશીથ"ના રુદ્રરમ્ય સ્વરૂપનું વર્ણન કરતી વેળાએ કુમારે એ અસ્મિતા અનપેક્ષિત રીતે આવિષ્કૃત થાય છે:

"મારા દેશે શાશ્વતી શર્વરી કો,
નિદ્રાઘેરાં લોચનો લોક કેરાં,
મૂર્છાછાયાં ભોળુડાં લોકહૈયાં,
તે સર્વ ત્વન્નીરવનૃત્યતાલે
ન જાગશે આ નટ હે વિરાટ?" :"નિશીથ", ૧૯૩૯, ૪:

પ્રકૃતિનિરૂપણ કરતી વેળાએ કવિને અંધકારઘેરાયેલો, સુષુપ્તિના ઘેનમાં ઢળેલો ભારતદેશ યાદ આવે છે, તે ઘટનાને કવિના વ્યક્તિત્વમાં વણાઇ ચૂકેલી દેશહિતચિંતાની તીવ્ર લાગણીની નિદર્શક ગણી શકાય. ભારતદેશને ઉમાશંકરે સુસ્કૃતિનિર્ઝરરૂપે નિહાળ્યો છે. (જૂઓ "આતિથ્ય", ૧૯૪૬, પૃ. ૩૮:). ભારતદેશના ભૂતકાળનું કવિને યથોચિત ગૌરવ છે. પરંતુ એ ગૌરવના "કોમ્પેન્સેટરી ડીલ્યૂઝન" માં કવિ ડૂબવા માગતા નથી. સંસારસુધારાકાળના કેટલાક કવિઓની જેમ કેવળ ભૂતકાળ તરફ મુખ વાળીને વર્તમાન વિશે હાથ ધોઇ નાખવાની ઉમાશંકરની વૃત્તિ નથી:

"તે દિન... છટ! એ છોડ, હૃદય, તું તે દિન તે દિનના ટિટિયારા,
તોડ પ્રબળ આઘાતે આજે જીવનજળ રૂંધ્યાં બંધિયારાં.":"આતિથ્ય" ૪૯:

દેશ ઉપરની "શાશ્વતી શર્વરી" નો કાળ ૧૯૪૭માં સ્વાતંત્ર્યપ્રાપ્તિના અવસરે કવિને પૂરો થતો જાણે કે દેખાય છે. ચિરઇપ્સિત સ્વાતંત્ર્યના સુદિનનો કવિ ભાવનીતરતી વાણીમાં ત્યારે સત્કાર કરે છે. એ સત્કારવચનોમાં જ આઝાદીના સંગ્રામની પ્રોજ્જ્વલ કથનીને કવિએ બહુ સ્વાભાવિક રીતે વણી લીધી છે:

"જે દિવસની અમે રાહ જોતા હતા. તે તું છે? આવ,
જેની ઉષાનો પાલવ દૂધમલ શહીદો તણા
પવિત્ર રક્તથી થયો રંજિત, તે તું છે? આવ.
જેની પ્રભાતલહરી મહીં અમ સ્વપ્નભરી
આશાઓની ખુશ્બો જઇ વસી છે તે તું જ? આવ.
આવ હે સુદિન અમ મુક્તિતણા!" :"વસંતવર્ષા" ૧૯૫૪, પૃ. ૧૦૪:

આઝાદીને આવકાર આપતાં આપતાં કવિનું ચિત્ત "ઉગેલો જે સૂર્ય આર્ય-ગોત્રો

પરે" – એ પ્રાચીનકાળથી શરૂ કરી ૧૯૪૭ સુધીના ભારતરાષ્ટ્રની વારા ફેરા વાળી મહાયાત્રાના પ્રલંબ પટને સ્પર્શી રહે છે. સ્વતંત્રતાને મૂર્તિમંત કરવાની ગાંધીયુગના કવિની પ્રબળ આકાંક્ષા ૧૯૪૭માં ખરેખર મૂર્તિમંત તો થઇ. પરંતુ એ સમયે દેશના અંગવિચ્છેદને કારણે હીજરતો શરૂ થઇ હતી. દેશનું નભ "મેઘાચ્છન્ન" હતું અને કવિચિત પણ એ કારણે ખિન્ન હતું. સ્વાતંત્ર્યપ્રાપ્તિના અવસરે આવો રંજ ઘણા કવિઓએ અનુભવ્યો હતો. એ કેવી વિધિવિચિત્રતા કે જીવનની એક માત્ર આશધાત્રી સમી પૂર્વે જણાયેલી મુક્તિનો શંખનાદ જ્યારે ખરેખર સંભળાયો ત્યારે એના શ્રવણે આપણા કવિનું મન નિર્ભેળ ઉલ્લાસથી રાચી શક્યું નહિ ! "જીવ્યું મર્યા સમાન – ના યદિ સ્વતંત્રતા", એવું ગાનાર શ્રીધરાણીને અનુસ્વાતંત્ર્યકાળના ભારતમાં સારાસારવિવેકનો અભાવ જણાય તથા "... પ્રિય સ્વતંત્રતા પ્રાણ હો!" એમ ગાનાર ઉમાશંકરને આઝાદી પછીનાં ત્રણ જ વર્ષોમાં –

"હજાર હસવા કરું, હૃદયમાં ખુશાલી નથી;
મુખો નિરખતો હું, મુક્તિ તણી ક્યાંય લાલી નથી."
: "વસંતવર્ષા", ૧૦૬:

– એવું કવવું પડે એને વિધિવિચિત્રતાનો આપણે બીજો નમૂનો ગણીશું!

<u>મનસુખલાલ ઝવેરી:</u>

"ભારતનાં પુણ્યકીર્તને": ૧૯૨૭, "ફૂલદોલ":, "માડી!" : ૧૯૨૯, "ફૂલદોલ": તથા "સહવી ચર્ચ કરવા વહે–" : ૧૯૩૦, "અભિસાર": કાવ્યો દ્વારા શ્રી મનસુખલાલની રાષ્ટ્રીય અસ્મિતાનો પરિચય વાચકને મળી રહે છે. "ફૂલદોલ" –ના "માડી" કાવ્યમાં કવિ ભારતમાતાને પૂછે છે:

"તુજ અંગઅંગમાં તરવરતું ક્યાં છૂપ્યું ચેતન માત?
તુજ દસ્યુડારતાં નેત્રે, શે આજ અશ્રુની ધાર?" : "ફૂલદોલ", ૧૯૫૦
પૃ. ૩૧:

માતૃભૂમિની આવી ગ્લાનિપ્રેરક અવદશાનો ચિતાર પહેલાંની કવિતામાં, "સહસ્ત્રલિંગ તળાવને કાંઠેથી પાટણ"માં થયું છે એમ, નિઃસાસો મૂકવા માટે જાણે કે અપાતો હતો. ગાંધીયુગમાં ભારતની અવનતદશાનું નિરૂપણ આવે છે ખરું, પરંતુ એનું પ્રયોજન જ બદલાઇ ગયું છે. ભારતસપૂતોનાં સુષુપ્ત વીરત્વને

પ્રદીપ્ત કરવા માટે તથા ભારત માતાને બંધનમુક્ત કરવાના પડકારરૂપે એ આલેખન આવતું હોય એમ જણાય છે. માટે તો કવિનો આવો નિર્ણય:

"તું ધૈર્ય ધારને માડી!
તું બાળ અશ્રુની માળ,
તું વીરજનેતા, તારે
શાના તે હોય ઉચાટ?

અમ અંગ અંગમાં ઉભરાતું નવજોબન તારે કાજ." :"ફૂલદોલ", ૩૨: મનસુખલાલે અન્યત્ર લખ્યું છે: "ચાહું છું માડી! હું તારા ભવ્ય એ ભૂતકાળને!" :"અભિસાર", ૧૯૪૭, પૃ. ૯૧: કવિ ભારતનું ગતસમયનું પ્રોજ્જ્વલ ચિત્ર આલેખે છે. એ પ્રતાપી કાળની સરખામણીએ વર્તમાન તો એમને વામણો લાગે છે. ભારતમાતા "વર્તમાને આ વિષણ્ણ પંકમાં" પડેલી દેખાય છે. ભૂત-વર્તમાન વચ્ચેના વૈષમ્યનું નિરૂપણ કરવાની આવી પધ્ધતિ, આગળ કહ્યું છે એમ, ખૂબ પુરાણી છે. પરંતુ પલટાયેલી જીવનદૃષ્ટિને કારણે એ વૈષમ્યનિરૂપણનો જુદો જ ભાવસંદર્ભ ગાંધીયુગનો કવિ નિર્મી શક્યો છે. ગાંધીયુગના કવિની આ વિશેષતાના દૃષ્ટાંત લેખે નીચેની પંક્તિઓ નોંધવા જેવી છે:

"ચાહું છું મૂર્તિ હું તારી, પ્રતાપી ભૂતકાળની,
તેથી યે અદકી ચાહું મૂર્તિ આ કરુણામયી
– જેમાં જીવનની તારી કવિતા છલકી રહી." :"અભિસાર" ૯૩:

વર્તમાન ભારતની બધી મર્યાદાઓ તથા ક્ષુદ્રતાઓ જાણવી, છતાં ભારતની નમેરી અવસ્થા વિશે આત્મતિરસ્કારનો ભાવ ન અનુભવવો અને સાંપ્રતની એ "કરુણામયી મૂર્તિ"ને અદકી ચાહવી – આવું એક નવું વલણ મનસુખલાલની (ગાંધીયુગની) કવિતામાં પ્રગટ થતું જોવા મળે છે.

જ્વલંત આશાવાદ અને વીરત્વનો જુસ્સો એ ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાનાં તરત નજરે ચડે એવાં લક્ષણો છે. ખબરદારની કાવ્યશૈલીની અસર વ્યક્ત કરતી નીચેની પંક્તિઓમાં પ્રસ્તુત લક્ષણો પ્રગટેલાં દેખાશે:

"અમ વીરપ્રસૂતા માતા પરતંત્ર કદી શું હોય!
અમ બેઠાં માડીને શું લજ્જા, ભય ગ્લાનિ હોય?
અમ શસ્ત્ર અહિંસાતણો બતાવીશું જગને ચળકાટ,
ને સ્વતંત્રતાનો માને પ્હેરાવીશું શિર તાજ." :"અભિસાર", ૮૧:

અહિંસાનો ચળકાટ બતાવવા માટે પણ આપણા કવિઓને મધ્યકાલીન શસ્ત્રાશસ્ત્રનો વાઘો એને પહેરાવ્યા સિવાય ચાલ્યું હોય એમ જણાતું નથી!

"ભારતનાં પુણ્યકીર્તને" કાવ્યમાં ભારતનો સાંસ્કૃતિક વૈભવ, એના અનન્ય મહાપુરૂષો, એની પ્રકૃતિશ્રી, એની ~~ધર્મનિ~~ ધર્મદ્રષ્ટિ અને વિશ્વદ્રષ્ટિ તથા એના ઇતિહાસના પ્રલંબ પટમાં ખેલાયેલી અસ્તોદયની ગાથા, એ સર્વનું, ન્હાનાલાલની આ પ્રકારની કવિતાની અસર વ્યકત કરતું ભાવસભર ગાન કરાયું છે. "મૂષકવૃત્તિવાળાં પાશ્ચાત્યનાં કૈતવપૂર્ણ યૂથો" સાથે ભારતે, કવિની દ્રષ્ટિએ, સફળતાપૂર્વક કામ પાડયું. ભારતે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ અર્થે "ઝંઝાવાતો કારમા કૈં વટાવ્યા", એ પછી ભારતનું નાવ આઝાદીને કિનારે પહોંચતું કવિને દેખાય છે. આવી રહેલી આઝાદીને આવકારવા માટેનો તનમનાટ કવિમાં એ વેળાએ જણાય છે:

"ઓ દેખાયે મુક્તિકેરા કિનારા !
નીલી એની ઓ! નિકુંજો લસન્તી!
ઝંડો હાવાં ત્યાં ઘડી-બે-ઘડીમાં
રોપી દેવો રાષ્ટ્રનો રંગભીનો." :"અનુભૂતિ", ૧૯૫૬, પૃ. ૬૯:

ચિરઆકાંક્ષિત સ્વાતંત્ર્યને સત્કારતી વેળાએ પણ કવિ કેવળ ઊર્મિના આવેગમાં તણાઇ જતા નથી તે નોંધપાત્ર છે. આઝાદી પછીના આપણા જીવનનાં કેટલાંક ભયસ્થાનોથી કવિ ખૂબ વહેલા સચેત બની ગયેલા દેખાય છે. ૧૯૪૭માં આવેલા સ્વરાજ્યને આવકારતી વેળાએ કવિ પ્રશ્ન પૂછે છે:

"બીજાં સામે ઝૂઝિયાં એક ચિત્તે,
તે શું માંહોમાંહ થાશું ખુવાર?" :"અનુભૂમિ", ૬૯:

મેળવેલી આઝાદીને જાળવી શકીશું કે કેમ એ વિશે તો કવિના મનમાં કોઇ આશંકા નથી. ઉપર્યુકત પ્રશ્ન પૂછવામાં કવિની ભારતીય જીવનની એક મોટી

નબળાઇને પારખતી નક્કર વાસ્તવદૃષ્ટિની જ પ્રતીતિ થાય છે. બાકી, કવિનું મન પણ સ્વાતંત્ર્ય પછી વિકાસ માટે ખુલ્લાં થવાનાં નવાં મોકળાં ક્ષેત્રોની કલ્પનાથી સ્વાતંત્ર્યપ્રાપ્તિટાણે આનંદિત તો થયેલું છે:

"ઊડો જી હંસારાણા! મુગતોને બાંધણાં શાં?
ઊડો, પથરાયાં નભ આ મોકળાં હો જી!" : "અનુભૂતિ" ૭૨:

આનંદનો આ ઉદ્ગાર કાઢવાની સાથે કવિ એ પણ જાણે છે કે માત્ર સ્વાતંત્ર્યપ્રાપ્તિને કારણે દેશમાં બધાં રૂડાં વાનાં કાંઇ થઇ જવાનાં નથી, કેમકે, "યોનિથીયે સદા છે પથ કપરા ક્ષેમના" : "અનુભૂતિ", ૭૧: સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ કરતાં યે સ્વાતંત્ર્યની યોગ્ય સુરક્ષા કરવાનું કાર્ય વિશેષ મુશ્કેલ છે, સ્વરાજ્યપ્રાપ્તિના અવસરે જ કવિના મનમાં ઊગી ચૂકેલા આવા દૂરંદેશીભર્યા ખ્યાલની ખાતરી અનુસ્વાતંત્ર્યકાળના આપણા રોજબરોજના જીવનમાં ક્યાં નથી થઇ રહી?

<u>કરસનદાસ માણેક:</u>

ભારતીય આઝાદીની લડત પૂરી નિષ્ઠા અને ગાંભીર્ય સાથે લડાઇ હતી. પરંતુ એ લડતનું પહેલી નજરે આંખે ન ચડે એવું એક હળવું પાસુંયે હતું. અંગ્રેજ સરકારનો સામનો કરનાર બધા જ કાંઇ નીડર પુરુષો ન હતા. કેટલાક દેખાદેખીથી તો કેટલાક લડતમાં આવતાં આવી ગયેલા, ઠાકોરના શબ્દમાં કહીએ તો "જધાબલ"પ્રવીણ પુરુષો હતા. એવા એક "વીરપુરુષ" "નથ્થુ" વિશેનું "ગર્વ તું ગુર્જરી તણો!" જેવું હાસ્યરસિક કાવ્ય,સર્જક તરીકે નૈસર્ગિક વિનોદવૃત્તિ ધરાવતા માણેકે રચ્યું છે. દેશપ્રેમ જેવી લાગણીના નિરૂપણમાં ગાંભીર્યને જ અવકાશ હોય એવો ખ્યાલ સાચો છે. પરંતુ આપણી કેટલીક પ્રજાકીય નબળાઇઓ પ્રત્યે આપણે જ જો સ્વસ્થ નિર્મળ હાસ્ય રેલાવી શકતા હોઇએ તો એમાં કશું અજુગતું નથી. આપણા માનસનું એને એક તંદુરસ્ત લક્ષણ ગણી શકાય. મહત્ત્વની વાત એ છે કે આવું કાવ્ય આઝાદીની લડતને તિરસ્કૃત કરવાની ઠઠ્ઠામજાકની વૃત્તિમાંથી ન જન્મેલું હોવું જોઇએ. દીનદલિતોનાં કાવ્યોમાં પ્રભુ પ્રત્યે માણેકે ક્યારેક કરેલા

કરડા કટાક્ષો જેમ એમની પ્રભુપ્રીતિમાંથી જન્મેલા જણાય છે, પ્રભુ પ્રત્યેના તિરસ્કારમાંથી નહિ, તેમ "ગર્વ તું ગુર્જરી તણો!" કાવ્યમાં દેખાતી નિર્દોષ વિનોદરસિકતા દેશપ્રીતિના એક હળવા આવિષ્કરણરૂપે પ્રગટેલી જણાય છે.

છેક સંસારસુધારાકાળથી માંડીને આઝાદીના આગમન સુધીના ગાળા-માં ભારતના પ્રાચીન ગૌરવના સ્મરણથી થતા હર્ષ અને વર્તમાનકાલીન દુરવસ્થાથી થતા શોક રૂપે ગુજરાતના કવિની રાષ્ટ્રીય અસ્મિતાનાં સ્ફુરણો થતાં જોવા મળે છે. ભારતના ભૂત-વર્તમાનના માણેકે જોડાજોડ મૂકેલાં પરસ્પરવિરુધ્ધ ચિત્રો ભાવકના હૃદયમાં દેશોદયની સ્ફુરણા બહુ સહજ રીતે જગાડી જાય એમ છે:

"તુરંગ બની ભૂમિ આ સુર ઉછંગ જેને રમ્યા,
દિગન્ત નિજ નાદથી ડુલવતું ધ્રુમ્યું ગાંડિવ
કલંકિત ત્યહિં ધજા ફરકરે ગુલામી તણી!" :"આલબેલ", ૧૯૫૨, પૃ. ૩૬:

"તમસઘોર ગર્તે ડૂબી" ભારતભૂમિનું આવું આલેખન કર્યા પછી હરેક કવિને એવી બુલંદ શ્રધ્ધા તો રહી જ છે કે આ પ્રાચીન અમરભોમ જર્જરિત ખંડેર શી રહેવા માટે નથી નિમાઇ. ગુજરાતી કવિતાના સો વર્ષના લાંબા પટમાં પથરાયેલા ભૂત-વર્તમાન વચ્ચેના વૈષમ્ય તથા ભારતના ઉજ્જવળ ભાવિ વિશેની શ્રધ્ધાના નિરૂપણને સાથેલાગું જોઇએ છીએ ત્યારે એમાંથી ભારે એક સૂરીલાપણાની છાપ ઉઠયા સિવાય રહી શકતી નથી. જો કે, એમ કરવું તે ગુજરાતના કવિઓને અભિમત નહોતું તે સ્પષ્ટ છે:

"મધ્યાહ્ન" :૧૯૫૮: માં "આલબેલ"ની ઢબે હૃદયની આરઝૂ કવિએ વ્યક્ત કરી છે:

"આ ભૂમિ જ્યાં સર્જન થયું સંસ્કૃતિનું,
જ્યાં પોંખાયું દર્શન પ્રથમ પ્રકૃતિનું,
..ધ્રવાઇ જે આજે છે પાપ-પ્રહારે,+

---

+ ગુજરાતના કેટલાક કવિઓ ભૂતકાળની પ્રશસ્તિ કરતી વેળાએ ભારતીય પ્રજાની મર્યાદાઓનો ભલે ટૂંકો છતાં સૂચક ઉલ્લેખ કર્યા વિના રહી શકયા નથી તે એમની દેશપ્રીતિની લાગણીનું સમતોલન દર્શાવે છે.

પ્રાણું ફરી ગૌર ગૌરવ તે ધારે!

ફકત એક છે આરઝૂ ઉર મારે! " :પૃ.૭૮:

એ આરઝૂ ફળીભૂત થવાની અણી માત્ર ભારત માટે જ નહિ, સમગ્ર એશિયા માટે બીજા વિશ્વયુધ્ધના અંત પછી આવી પહોંચી હતી. માણેકની એશિયાઇ દૃષ્ટિ "તે જ આ એશિયા"માં પ્રગટ થઇ છે: "આજ ચિરસુપ્ત જાગી ગયો એશિયા દ્વીપ માનવ્ય કેરો થવાને!" :"મધ્યાહન, પૃ. ૬૪: ભારત તેમજ સમસ્ત એશિયા જાગેલ છે તે શક્તિના કોઇ આસુરી પ્રદર્શન અર્થે નહિ, પણ માનવતાના પથ-પ્રદર્શક થવા માટે, એવી કવિની નિર્મળ ભાવનાનો પરિચય પ્રસ્તુત કાવ્યમાં વાચકને થાય છે. દૃષ્ટિની આવી નિર્મળ સાત્ત્વિકતાને ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાનું એક વિશેષ લક્ષણ ગણી શકાય. બીજા વિશ્વયુધ્ધના અંતભાગ સમયે બર્મા બાજુથી જાપાનીઓ ભારતની દિશામાં ધસી આવતા હતા. સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજનાં પરાક્રમોથી એ સમયે દેશ ગાજતો હતો. "ચલો દિલ્હી" ની હાકલ મંત્રનું કામ કરતી હતી. ભારત ભણી જાપાનીઓ ધસી આવતા હતા ત્યારે ભારતના અંગ્રેજ શાસકોએ દાખવેલા નિર્લજ્જ સ્વાર્થમય વ્યવહાર પ્રત્યે કવિએ કટાક્ષો કર્યાં છે. જાપાનીઓની નિષ્ઠુરતા પણ એમના તિરસ્કારનો વિષય બની છે:

"પડી બૂમ પૂરવથી: અગ્નિની ઝાળો
ઉછાળન્ત આવે છે જાપાનવાળો,
અને કારાગારોના તોતિંગ દ્વારો
તજી નાઠા નિર્લજ્જ સૌ દ્વારપાળો
લઇ સંગ બીડેલ તાળાંની ચાવી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!" :"મધ્યાહન", ૧૩૫:

આવી નિરાશાની ક્ષણો વચ્ચે સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજ કવિને તારક સમી જણાઇ છે. સુભાષબાબુના અનુયાયીઓનાં બલિદાનોને લીધે "ઝળહળતો મુક્તિનો ઇતિહાસ થાશે" - એવી શ્રધ્ધા દર્શાવીને વીરત્વના ભાવથી ઉછળતી વાણીમાં કવિ ગાય છે:

૩૦૬ :-

"એ નેતા, એ વાણી, એ વીરો અટંકી,
એ આઝાદી-પ્યાસી જવાંમર્દી જંગી,
એ મૃત્યુની મહેફિલ જીવનરકત-રંગી,
થયાં સૌ સદાનાં પ્રજા-પ્રાણ-સંગી." :"મધ્યાહ્ન", ૧૩૮:

અહિંસક પધ્ધતિએ થતા સત્યાગ્રહ માટે જ કવિનું દિલ ભાવથી ઊછળતું હતું, એમ નહિ, લશ્કરી મિજાજના રાષ્ટ્રવાદ માટે તથા શસ્ત્રાસ્ત્રાદિના પરંપીરણ માર્ગે ખેલાતા આઝાદીના યુધ્ધ માટે પણ કવિનું દિલ ઉત્સાહ અનુભવતું હોય એવું દેખાય છે. ટૂંકમાં, દેશના અભ્યુદયની પ્રવૃત્તિ જે જે સ્વરૂપે જોવા મળી તે તે સર્વરૂપે, દેશોત્થાનની અમુક વિશિષ્ટ પધ્ધતિની કંઠી ગળે બાંધ્યા વિના, કવિએ મુકત મને એને આવકારી છે.

રાષ્ટ્ર પ્રત્યેના અંતરના સાચા અનુરાગમાંથી માણેકની દેશપ્રીતિની કવિતા જન્મેલી છે. એ અનુરાગ, સ્મૃતિમાં ચોંટી રહે એવી ઉદ્બોધનની સ્વાભાવિક છટાઓવાળી પંકિતઓ રૂપે, પ્રગટ થયો છે. માણેકના કવિ તરીકેના ઉષ્માભર્યા વ્યકિતત્વને એમની ભાવસંવેગવાળી કવિતામાં વાચક અનુભવી તથા માણી રહે છે.

<u>સુંદરજી બેટાઇ</u>

ગાંધીયુગની કવિતામાં જીવનમાં શકિત, પુરૂષાર્થ, નિર્ભયતા, રૂદ્રતત્ત્વ ઇ. ની સાધના કરવાના દેખાતા વલણમાં રાષ્ટ્રીય અસ્મિતાનું એક પ્રગટીકરણ જોઇ શકાય. બેટાઇ એવા વૃત્તિવલણથી પ્રેરાઇને કહે છે:

"ડરૂં નહિ, ડગું નહિ, અચલ એક નિષ્ઠા થકી,
પ્રચંડ સળગી વ્યથામહિં જ ભસ્મરાશિ બનું;
પરંતુ હતવીર્યનું બદનસીબ હું ના સહું.":"ઇન્દ્રધનુ", ૧૯૫૬, પૃ. ૮:

જીવનમાં બલ-પરાક્રમની આરાધના કરવાની તત્પરતામાંથી સાહસોત્સુકતા પ્રગટે તથા સમાજના પરિવર્તનની મંથર ગતિ પ્રત્યે અકળામણ ઊભી થાય તે કુદરતી છે:

"સબૂર! ધર શાંતિ!કાળ કરશે બધું અવસરે,
નહીં જ જગશાણપે વધુ અમારી શ્રધ્ધા હવે.":"ઇન્દ્રધનુ", ૯:

જાતનું બલિદાન આપીને પણ જન્મભૂમિને સમૃધ્ધ કરવાની કવિની આકાંક્ષા છે. "હું જેવાની રાખે જન્મભૂમિનાં ખાતર બને:" :"ઇન્દ્રધનુ", ૧૨: લાચારીની સબૂરી, ગરીબીનું દુ:ખ, અન્યાય, તિમિર, વગેરેનો સામનો કરવાના બેટાઇના મનોભાવમાં (:"સદાય બસ ઘૂમવું તિમિરનો કરી સામનો":), વિદેશી સરકારનું નામ એમણે ક્યાંય પાડયું ન હોવા છતાં, વિદેશી રાજ્યે લાદેલાં બંધનોની ભીંસ સામેના પડકારને જોવામાં કશું વધુ પડતું નથી. બંધનોનો સામનો કરવાની આ ક્રિયામાં કવિ કોઇ આંધળા ઝનૂનને સેવવા ઇચ્છતા નથી:

> "મુજ રિપુ રિપુત્વે મચી રહે
> છતાં મારે હૈયે કદીય પ્રતિશત્રુત્વ ફણગો
> ફૂટીને ફેલાયે વિષતરૂ – ન એવું કદી બને.":"ઇન્દ્રધનુ" ૨૧:

બુધ્ધ ઇશુ ગાંધીએ પાડેલી "વસમી એ જ કેડિયે" ચાલવામાં મનુજકલ્યાણ જોનાર તથા અહિંસક મનોવૃત્તિમાં શ્રધ્ધા ધરાવનાર કવિ વાંછે છે: "લડું ઝગડું તે છતાં હૃદય ડંખીલું ના બને" :"ઇન્દ્રધનુ", ૩૨: ગાંધીયુગના કવિએ સંકુચિત રાષ્ટ્રવાદ, માનવમાનવ વચ્ચે વિભેદક બનનાર ધર્મ તથા માનવકુટુંબને વિચ્છેદતી દિવાલો પ્રત્યે હંમેશા વિમુખતાનો ભાવ સેવ્યો છે. બેટાઇના બીજા કાવ્યસંગ્રહ "વિશેષાંજલિ" :પુનર્મુદ્રણ, ૧૯૫૭: માં એ ભાવ વિશેષ ઉત્કટ બનીને ઉપસતો દેખાય છે:

> "છે ખડાયું ઉર જગતનું રાષ્ટ્રના કૂપવાદે,
> છે વેડાયું સુખ જગતનું ક્રૂર સામ્રાજ્યનાદે,
> છે ડંખાયું દિલ મનુજનું વર્ગના વિગ્રહોથી,
> ને રંગાયું જગત દિસતું દિનનાં શોણિતોથી." :પૃ. ૧૧:

આવી પરિસ્થિતિમાંથી કશું માંગલ્યદર્શી સમાધાન શોધવાનો ગાંધીયુગની કવિતામાં ક્યારેક કૃત્રિમ બની જતો પ્રયાસ કરવાને બદલે, શાંતિની તથા મુક્તિની આમાં આશા હવે તો કેવી, એવો કઠોર પરંતુ વાસ્તવદર્શી એકરાર બેટાઇ કરી લે છે: "આજ જીવનમાં ભાસે જીવતા મોતનો જય!" બીજા વિશ્વયુધ્ધની ભયંકર કાલિમાનું ચિત્રણ "વિશેષાંજલિ"ના "નિશાદર્શન"કાવ્યમાં

કવિએ કર્યું છે. જગતની પરિસ્થિતિના વિશાળ સંદર્ભમાં ભારતની રાજકીય પરિસ્થિતિ તથા મુક્તિઝંખના વિશે વિચાર કરવાની બેટાઇની દૃષ્ટિનો પરિચય "વિશેષાંજલિ"માં મળે છે. "લોભ માત્સર્ય ને દંભ તણા ત્રેવડ બંધથી" સ્વાતંત્ર્યનું સત્ત્વ રોધીને ઊભી રહેલી "શસ્ત્રસંસ્કૃતિ"નો અનુભવ કરતા કવિને ભારત તેમજ સમગ્ર અવનીનું શિવંકર પ્રભાત ૧૯૪૦માં લખાયેલા "નિશાદર્શન" કાવ્યમાં હાથવેંતમાં નથી દેખાયું. પોતાની એ લાગણીની કવિ, કોઇ બનાવટી ઉજ્જવળ ભાવિદર્શનમાં સર્યા વિના, સચ્ચાઇપૂર્વક અભિવ્યક્તિ કરે છે. ભારતનું દૂર દેખાતું એ "સર્વભદ્ર શિવંકર" પ્રભાત, અલબત્ત, ૧૯૪૭ની સાલમાં ઉદીયમાન તો થયું ખરું જ. એ પ્રભાતને કવિ વધાવે છે. કેમકે "ગજબ અંધારભર્યા એ જગ" પછી આવું શિવંકર પ્રભાત ઊગ્યું હતું. બ્રિટિશસામ્રાજ્યવાદની કનડગત તથા કોમવાદનાં હિંસક તોફાનોના અગ્નિસ્નાનના કટુ અનુભવ પછી આવેલી આઝાદીને કવિ આનંદ તથા આશંકાની મિશ્ર લાગણીપૂર્વક સત્કારે છે:

"અગ્નિસ્નાન પછી પ્હેલેરો આજ અમીવરસાદ,
પૂર્વભયે ઓછાયેલો તોય ઊઠે હર્ષનિનાદ.
વન્દું ભારતી! ધૂલિ તુજ ધન્ય!
તીર્થમાં તીર્થ અહો તું અનન્ય!" :"વિશેષાંજલિ", પૃ. ૯૯:

સ્વાતંત્ર્યપ્રાપ્તિના અવસરે ફૂટી નીકળેલા હિંસક વિદ્વેષને કારણે કવિની આનંદની લાગણી અમિશ્ર રહી શકતી નથી:

"અમે આનન્દની વેળ કીધી વિષમયી અરે!
અપૂર્વ ધન્યતાનેયે રગ્દોળી ધૂળમાં ખરે!":"વિશેષાંજલિ", ૧૦૧:

કવિની એક આંખે આનંદની તો બીજી આંખે વિષાદની છાલક છે.

ગાંધીયુગની રાષ્ટ્રીયઅસ્મિતાની કવિતાનું સમગ્રતયા અવલોકન કરતી વેળાએ એની કેટલીક મર્યાદાઓ નજરે તરી આવે છે. સમકાલીન ઇતિહાસનાં પરિબળોને શબ્દમાં નાથવાની ગાંધીયુગના કવિની ગુંજાશ એકંદરે વધેલી છે. એનું એક ઉદાહરણ લઇએ તો, શ્રીધરાણીની કવિતામાં એવી વાઙ્મયસજ્જતાનો પરિચય ભાવકને મળી રહે છે. પરંતુ ગાંધીયુગના ઘણા કવિઓ એવી ગુંજાશ અને સજ્જતાને અમુક હદ સુધી જ ખિલવી શકયા હતા એવું લાગે છે. ગાંધીયુગનો

કવિ કવિતાનો ઘણીવાર ગદ્યભાવે દુરૂપયોગ કરે છે એવી છાપને નિવારી શકાતી નથી. પદ્યવાહન ઉપર એની હથોટી જામી ગઇ છે. પરંતુ એ હથોટીને કારણે નિબંધાત્મક પદ્યલેખનમાં આ યુગનો કવિ ઘણીવાર સરી જતો દેખાય છે. ગાંધીજીએ પ્રબોધેલાં જીવનમૂલ્યો કવિની ચિત્તભૂમિમાં અંકુરિત ન થયાં હોય તો પણ તે મૂલ્યોનાં પોપટરટણો થતાં હોય એવી છાપ કેટલીકવાર પડે છે. રાષ્ટ્રપ્રીતિની ભાવનાને લગભગ એક જ પધ્ધતિએ કવિતામાં ગાનાર ગાંધીયુગ-ના ઘણા કવિઓ પોતપોતાના સર્જક તરીકેના વ્યક્તિત્વની વિશિષ્ટ મુદ્રા પાડી શકયા નથી. ભારતના ભૂતકાળ તથા વર્તમાનકાળ વચ્ચેની વિષમતાનું નિરૂપણ કરતા અથવા તો વેર પ્રતિ પ્રેમભાવનું ચિત્રણ કરતા કાવ્યની નીચેથી જે તે કવિનું છાપેલું નામ જો હટાવી લેવામાં આવે તો પ્રસ્તુત કાવ્ય કયા કવિનું ગણવું, એની ભારે વિમાસણ થાય એટલી હદસુધીની આલેખનની એકવિધતા જોવા મળે છે. શ્રી. મનસુખલાલ ઝવેરીએ બીજી ઉવેખી ન શકાય તેવી "કડવી હકીકત"-ની રજૂઆત કરેલી છે: "અહીં તો બધા કવિઓ...જેમ રાસયુગ બેસતાં રાસ લેવા મંડી પડયા હતા, જેમ રાષ્ટ્રમોક્ષનો યજ્ઞ શરૂ થતાં કેસરિયાં કરીને તેમાં કાવ્યદેહે ઝંપલાવી પડયા હતા, તેમ અત્યારે વિશ્વનાં અને વિરાટનાં સ્વપ્નોના શિલ્પનો યુગ આવતાં સ્વપ્નશિલ્પીઓ બની ગયાં છે."[૪] આને ગતાનુગતિકતામાંથી જન્મતી મર્યાદા ગણી શકાય.

ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં સ્વતંત્રતા માટેની ઝંખના છે. એ ઝંખનાને પ્રબળ પુરૂષાર્થ વડે સાકાર કરવાની તમન્ના છે. બલિદાનો આપવાની તત્પરતા છે. ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની લડતમાં શ્રધ્ધા છે, તો સમાજવાદી ક્રાન્તિનું યે આકર્ષણ છે. એ કવિતામાં દીનજનવાત્સલ્યનો તથા હિંદુ-મુસ્લીમ એકતા સ્થાપિત કરવાનો મનોભાવ છે; રોતલ રાષ્ટ્રભક્તિ નહિ પણ દીપ્તિમંત પુરૂષાર્થયુક્ત રાષ્ટ્રપ્રેમ છે. આ કવિ ભૂતકાળનું ગૌરવ અનુભવે છે, પરંતુ બાપના કૂવામાં તરવાની એની તૈયારી છે, ડૂબવાની નહિ. એ કવિને દેશ વહાલો છે, પણ એથી અન્ય દેશો એને મન દવલાં બનતાં નથી. અંગ્રેજ : વ્યક્તિ: સામે એને દ્વેષ નથી. એનો નિર્ધાર અંગ્રેજ દ્વારા આચરાતા શાહીવાદને ઉખાડી નાખવાનો છે. આત્મશ્રધ્ધા, ખુમારી, શૌર્ય, ઉત્સાહ,

ઉત્સાહ, જોમ થનગનાટ જેવા યૌવનસહજ ગુણોની ઉપાસના કરવાની ગાંધીયુગના કવિની મનોવૃત્તિ છે. ગાંધીયુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા ગુજરાતી સાહિત્યનું ખરે જ એક ઉજ્જવળ પ્રકરણ છે.

---

## સંદર્ભ અને પાદનોંધ

૧. "શૈલી અને સ્વરૂપ", પૃ. ૨૫૮: ઉમાશંકર જોશી.

૨. એ જ, પૃ. ૨૨૧.

૩. રાષ્ટ્ર અર્થે અપાતાં બલિદાનો વિશે શ્રી. અરવિંદે નોંધ્યું છે:

"The genius of self sacrifice is..the flowering of mankind's ethical growth, the evidence of our gradual rise from the self-regarding animal to the selfless divinity." - "The Renaissance in India", p.34.

૪. "થોડાંવિવેચન લેખો:, પૃ. ૨૭૦, મનસુખલાલ ઝવેરી.